| GJDH060006642023 | કેસ રજુ તારીખ | ૨૩/૦૮/૨૦૨૩ | | |
|---|---|---|---|---|
| | કેસ દાખલ તારીખ | ૨૩/૦૮/૨૦૨૩ | | |
| | ફેસલ તારીખ | ૦૧/૦૮/૨૦૨૬ | | |
| | સમયગાળો | વર્ષ | મહીનો | દિવસ |
| | | ૦૨ | ૧૧ | ૦૯ |

**નામદાર સુપ્રિમ કોર્ટના SUO MOTO WRIT(CRL) NO.(S) 1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર VI ના 179-A અન્વયેના નોટીફીકેશન નં.સી–૨૦૦૧–૯૩, તારીખ : ૨૦–૦૫–૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમા મુજબ.**

**<u>FORM-A</u>**

o----------------------------------------o

**ધાનપુરના પ્રિન્સીપાલ સીવીલ જજ અને જ્યુ.મેજી.ફ.ક., સાહેબની કોર્ટમાં, ધાનપુર.**

o----------------------------------------o

**શ્રી આર.આર.સુતરીયા પ્રિન્સીપાલ સીવીલ જજ અને જ્યુ.મેજી.ફ.ક., ધાનપુર.**

**(ચુકાદા તારીખ : ૦૧/૦૮/૨૦૨૬)**

**<u>ક્રિ.કેસ નંબર : ૪૬૧/૨૦૨૩</u>**

**<u>આંક–૨૯</u>**

| **એફ.આઈ.આર.ની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન.** | |
|---|---|
| પોલીસ સ્ટેશન : | ધાનપુર |
| ગુનો : | ભારતીય દંડ સંહિતાની કલમ : ૨૭૯, ૩૩૭, ૩૦૪(અ) તથા એમ.વી.એક્ટની કલમ : ૧૭૭, ૧૮૪,૧૮૧(૩) મુજબ. |
| તહોમતનામા મુજબ તહોમત : | – |
| ફરિયાદી: | શ્રી સરકાર |
| વિ.એ.પી.પી.શ્રી : | એલ.કે.ખરાડી |
| આરોપી/આરોપીઓ : | અનીલભાઈ રમેશભાઈ ભુરીયા<br>રહે. ભે વેડ ફળીયુ, તા. ગરબાડા, જી.દાહોદ |
| આરોપી તરફે વિ.વ.શ્રી: | પી.કે.દેવળ |

## FORM-B

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ : | ૦૫/૦૪/૨૦૨૩ |
| ફરિયાદની તારીખ : | ૦૫/૦૪/૨૦૨૩ |
| ચાર્જશીટની તારીખ : | ૨૩/૦૮/૨૦૨૩ |
| તહોમત ફરમાવ્યા/પ્લી લીધા તારીખ : | ૧૩/૦૩/૨૦૨૪ |
| પુરાવો શરૂ કર્યાતારીખ : | |
| ચુકાદો સંક્ષિપ્તમાં રાખ્યા તારીખ : | – |
| ચુકાદા તારીખ : | ૦૧/૦૮/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો હોય તો, | આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવેલ છે. |

| આરોપી નંબર | આરોપીનુ નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયાં ગુનાનો આક્ષેપ છે ? | નિર્દોષ છોડવામાં આવ્યા છે કે કસુરવાર ? | શું સજા કરી ? | ક્રિ.પ્રો.કો. કલમ : ૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | **અનિલભાઇ રમેશભાઇ ભુરીયા** | ૦૭/૦૬/૨૦૨૩ | ૦૮/૦૬/૨૦૨૩ ના રોજ જામીન મુકત થયેલ છે. | ભારતીય દંડ સંહિતાની કલમ : ૨૭૯,૩૩૭, ૩૦૪(અ) તથા એમ.વી. એકટની કલમ : ૧૭૭, ૧૮૪, ૧૮૧(૩) મુજબ. | નિર્દોષ ઠરાવી છોડી મૂકતો હુકમ કરવામાં આવેલ છે. | – | |

## FORM-C

### ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ

**(એ) ફરિયાદપક્ષ તરફે**

**ફરિયાદપક્ષનો મૌખિક પુરાવા :**

| અનુ. નં. | વિગત | | આંક |
|---|---|---|---|
| ૧. | અંકિતભાઈ સમસુભાઈ મુહણીયાનાઓની જુબાની | ફરીયાદી | ૧૭ |
| ૨. | ઈશ્વરભાઈ બાલુભાઈ મોહનીયાનાઓની જુબાની | પંચસાહેદ | ૨૦ |
| ૩. | સમસુભાઈ છગનભાઈ મોહનીયાનાઓની જુબાની | સાહેદ | ૨૩ |
| ૪. | અનિલસિહ દરબારસિંહ સોલંકીનાઓની જુબાની | ત.ક.અ | ૨૫ |

**(બી) બચાવપક્ષે જો સાહેદ હોય તો,**

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

**(સી) કોર્ટ સાહેદ જો હોય તો,**

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

**ફરિયાદપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા :–**

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૧૮ |
| ૨. | ગુનાવાળી જગ્યાનુ પંચનામું | ૨૧ |
| ૩. | મો.સા ની આર.સી. બુકની નલક | ૨૬ |

**બચાવપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજો :–**

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

**કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા :–**

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

### મુદ્દામાલની વિગત

| અનુ. નં. | વિગત |
|---|---|
| – | – |

## –:: ચુકાદો ::–

(૧) ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૦૫/૦૪/૨૦૨૩ ના કલાક ૦૨/૦૦ વાગે મોજે આબાકાચ ગામે આ કામના આરોપીએ પોતાના કબજાની યામાહા એમ.ટી ૧૫ મો.સા નં. જી.જે. ૨૦ એ.આર ૬૯૨૭ ની પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લઈ પોતાની મો.સા નો કાબુ ગુમાવી સ્લીપ ખવડાવી પાછળ બેઠેલ જીગ્નેશભાઈ રમેશભાઈ મોહનીયાને શરીરે તથા માથાના ભાગે ગંભીર ઈજા પહોંચાડી મોત નિપજાવી તથા પોતાને પણ શરીરે ઈજાઓ પહોચાડી ગુન્હો કરેલ હોય આરોપી વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ – ૨૭૯, ૩૩૭, ૩૦૪(અ) તથા એમ.વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૮૧(૩) મુજબની ફરિયાદ નોંધવામાં આવેલ.

(૨) ફરિયાદીની ફરિયાદના આધારે ધાનપુર પોલીસ સ્ટેશનના ગુ.રજી.નંબર : ૦૧૩૭/૨૦૨૩ થી તારીખ : ૦૫/૦૪/૨૦૨૩ ના રોજ ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૦૪(અ) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૮૧(૩) મુજબનો ગુનો દાખલ કરેલો. ત્યારબાદ તપાસમાં આરોપી મળી આવતા તેઓની ઘરપકડ કરવામાં આવેલ. ત્યારબાદ પોલીસની તપાસ પૂરી થતા પોલીસે બી.એન.એસ.એસ. ની કલમ–૧૯૩ મુજબ આરોપી વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૦૪(અ) તથા એમ.વી.એકટની કલમ – ૧૭૭, ૧૮૪, ૧૮૧ મુજબના ગુનાના તહોમતનુ ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજૂ કરેલ.

(૩) આ કામે આરોપીને સમન્સની બજવણી થતા તેઓ હાજર થયેલ છે. ત્યારબાદ આરોપી વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ– ૨૭૯, ૩૩૭, ૩૦૪(અ) તથા એમ.વી.એકટની કલમ : ૧૭૭, ૧૮૪, ૧૮૧ મુજબના ગુનાની પ્લી **આંક : ૦૩** થી નોંધતા આરોપીએ પોતે ગુનો કરેલાનો ઈન્કાર કરેલ છે. જેથી ટ્રાયલ આગળ ચલાવવામાં આવેલ અને ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૪) ત્યારબાદ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ મુજબની જોગવાઈઓ

અન્વયે આરોપીનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીએ ફરીયાદપક્ષની હકીકતોનો ઈન્કાર કરી અને આવો કોઈ બનાવ બનેલ નહીં હોવાનું જણાવેલ છે.

(૫) આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી. નાંઓએ દલીલ કરેલ છે કે, આ કામના આરોપીએ પોતાના કબજાની યામાહા એમ.ટી ૧૫ મો.સા નં. જી.જે. ૨૦ એ.આર ૬૯૨૭ ની પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લઈ પોતાની મો.સા નો કાબુ ગુમાવી સ્લીપ ખવડાવી પાછળ બેઠેલ જીગ્નેશભાઈ રમેશભાઈ મોહનીયાને શરીરે તથા માથાના ભાગે ગંભીર ઈજા પહોંચાડી મોત નિપજાવી તથા પોતાને પણ શરીરે ઈજાઓ પહોચાડી ગુન્હો કરેલ હોય તેવી હકીકત ફરીયાદપક્ષ યોગ્ય સાહેદોનાં પુરાવાનાં આધારે પુરવાર કરવમાં ફરીયાદપક્ષ સફળ થયેલ હોય આરોપીને સખ્તમાં સખ્ત સજા કરવા અરજ કરેલ છે.

(૬) ત્યારબાદ બચાવપક્ષે વિ.વ.શ્રી. પી.કે.દેવળે ભારપુર્વક દલીલો કરેલ છે કે, આ કામે ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ એકપણ સાહેદે બનાવ બનતા નજરે જોયેલ નથી. આ કામનાં ફરીયાદી બનાવ બની ગયા બાદ બનાવ વાળી જગ્યાએ પહોંચેલ છે. જેથી બનાવ સમયે મોટર સાયકલ આરોપી ચલાવતા હોય પરંતુ બનાવ રાત્રીનાં અંધારાનાં સમયે બનેલો અને બનાવ વાળો રસ્તો વાંકો ચુકો અને ઢાળવાળો હતો તેથી આ કામનો બનાવ આરોપીની બેદરકારીથી બનેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. જેથી ફરીયાદપક્ષ આ કામનાં આરોપી વિરુધ્ધનો ગુનો પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૭) આ કામમાં મારા નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**::– મુદ્દાઓ –::**

૧. શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૦૫/૦૪/૨૦૨૩ ના કલાક ૦૨/૦૦ વાગે મોજે આંબાકાચ ગામે આ કામના આરોપીએ પોતાના કબજાની યામાહા એમ.ટી ૧૫ મો.સા નં. જી.જે. ૨૦ એ.આર ૬૯૨૭ ની

પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લઈ પોતાની મો.સા નો કાબુ ગુમાવી સ્લીપ ખવડાવી પાછળ બેઠેલ જીગ્નેશભાઈ રમેશભાઈ મોહનીયાને શરીરે તથા માથાના ભાગે ગંભીર ઈજા પહોંચાડી મોત નિપજાવી તથા પોતાને પણ શરીરે ઈજાઓ પહોચાડી ગુન્હો કરી ભારતીય દંડ સંહિતાની કલમ : ૨૭૯, ૩૩૭, ૩૦૪(અ) તથા એમ.વી. એકટની કલમ : ૧૭૭, ૧૮૪, ૧૮૧ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૮) ઉપરોકત મુદાઓ અંગે મારા નિર્ણયો હવે પછીથી આ ઠરાવમાં આપેલા કારણોના આધારે નીચે મુજબ છે.

**::- નિ ર્ણ યો -::**

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

**:: કારણો ::**

**(૯) મુદા નં.-૧ :-**

**ફરિયાદીનો પુરાવો :-**

(૯.૧) આ કામે ફરીયાદપક્ષ તરફે **આંક-૧૭** થી ફરીયાદી અંકિતભાઈ સમસુભાઈ મુહણીયાનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ તા.૦૫/૦૪/૨૦૨૩ ના રોજ રાત્રીના બે વાગ્યે બનેલો. બનાવવાળા દિવસે તેમના ગામમાં તેમના સરપંચ ફળીયામાં તેમના કાકા હિમરાજભાઈની છોકરી કાજલબેનના લગ્ન હતા ત્યાં તેમનું ડી.જે હતુ ત્યા નાચગાન કરીને બારેક વાગ્યાના અરસામાં બધા ખોળાઈ ગયેલા અને તે વખતે તેમનો કાકાનો છોકરો જીગ્નેશભાઈ ત્યાં તેમની જોડે હતો અને ત્યાં અનિલભાઈ રમેશભાઈ ભુરીયા હોય તેઓ ફરીયાદીના કાકાના છોકરા જિગ્નેશને તેમના ઘરે મુકવા માટે જીદ કરતા હતા અને તે અનિલભાઈ નસાની હાલતમાં હતા જબરજસ્તી કરી

અનીલભાઈએ જિગ્નેશભાઈને તેમની મોટરસાઈકલ પર બેસાડી ભે પાટીયા મુકવા લઈ જતા હતા તે વખતે તેઓ તેમની મો.સા લઈ તેમની પાછળ અનિલભાઈને મુકવા માટે જતા હતા તે વખતે તેમના ગામમા જ ભુરીયા ફળીયા આગળ જતા અનિલભાઈની મોટર સાઈકલ ખાડામાં પડેલી હતી ત્યારે ફરીયાદીએ મોટર સાયકલ ઉભી રાખી જોયુ તો જિગ્નેશભાઈને માથાના ભાગે વધારે વાગેલુ હતુ અને અનિભાઈને સામાન્ય ઈજા થયેલી હતી. પછી તેઓએ અકસ્માતની તેમના કાકા હિમરાજના ઘરે જાણ કરેલી અને ૧૦૮ ને ફોન કરેલો તથા જિગ્નેશભાઈન પિતા રમેશભાઈ વાલખચંદભાઈને તથા તેમના પપ્પાને પણ ફોન કરેલો. તે બધા માણસો આવી જતા દાહોદ જિગ્નેશને ભરપોડાના દવાખાને તથા કે.કે.શાહના દવાખાને લઈ ગયેલા. ત્યાં ડોકટરે તેમને મરણ જાહેર કરેલા અને પછી તેઓ ઘરે લઈ આવેલા. આ અકસ્માત થતો ત્યારે અનિલભાઈ ગાડી ચલાવતા હતા અને અનિલભાઈ તેમને પોતાની યામાહા કંપનીની એમ.ટી. ફીફ્ટી ગાડી હતી તેનો નંબર તેમને યાદ નથી તેમજ બનાવ બાબતે તેમણે ફરીયાદ આપેલી હોવાનું જણાવેલ છે તેમજ આરોપીને હાજર હોય તો ઓળખતાં હોવાનું જણાવેલ છે.

ત્યારબાદ બચાવપક્ષે ફરીયાદીની ઉલટતપાસ કરતાં તેઓએ તેમની ઉલટતપાસમાં એ હકીકતો જણાવેલ છે કે, તેઓ હાલમાં ખેતીવાડી કરે છે અને કોલેજમાં અભ્યાસ પણ કરે છે, તેઓએ એ હકીકત કબુલ રાખેલ છે કે, આંબાકાચથી ગાગરડી તરફ જતા રોડ ઉપર નાના મોટા વાહનોની સતત અવર જવર રહે છે, કહેવાતા બનાવ સમયે અંધારું હતું, જિગ્નેશભાઈ લોકોની ગાડી આગળ ચાલતી હતી અને તેઓ પાછળથી જતા હતા, તેમણે આ લોકોને ખાલી પડેલા જોયેલા, બનાવ કઈ રીતે બન્યો તેની તેમને કોઈ જાત માહીતી નથી માત્ર ખાડામાં પડેલા જોયેલા, તેઓએ એ હકીકત કબુલ રાખેલ છે કે, તેઓની ફરીયાદમાં એવુ લખાવેલ નથી કે અનિલભાઈ રમેશભાઈ ભુરીયા તેમના કાકાના છોકરા જીગ્નેશને તેમના ઘરે મુકવા જવા માટે જીદ કરતા હતા અને તે અનિલભાઈ નસાની હાલતમાં હતા જબરજસ્તી કરી અનીલભાઈએ જિગ્નેશભાઈને તેમની મોટર સાઈકલ પર બેસાડી ભે પાટીયા મુકવા લઈ જતા હતા. તેઓ એ હકીકત કબુલ રાખે છે કે, કહેવાતા આરોપીના ફોઈ તેમના ફળીયામાં રહેતા હોય તેમને તેઓ અગાઉથી ઓળખે છે. આ સિવાય બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ બચાવનો

ઈન્કાર કરવામાં આવેલ છે.

**ફરીયાદપક્ષે સાહેદનો પુરાવો:–**

(૯.૨) આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે **આંક–૨૩** થી સાહેદ સમસુભાઈ છગનભાઈ મોહનીયાનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, બનાવ તા. ૦૫/૦૪/૨૦૨૩ ના રોજ રાત્રીના દોઢેક વાગ્યાના અરસામાં આંબાકાચ ભુરીયા ફળીયામાં બનેલો. બનાવવાળા દિવસે તેમના ફળીયામાં સરપંચ ફળીયામાં લગન હતા અને આ લગ્નમાં તેમનો છોકરો અંકિત તથા જિગ્નેશ તથા અનિલભાઈ રમેશભાઈનાઓ પણ આ લગ્નમાં આવેલ હતા. લગ્ન પતિ ગયા પછી અનિલને મુકવા માટે ભે ગામે મો.સા લઈ મુકવા જતા હતા. એક મો.સા અનિલ ચલાવતો હતો અને તેની પાછળ જીગ્નેશ બેઠો હતો અને અંકિત તેમની મો.સા લઈ પાછળ એકલો જતો હતો. પછી ભુરીયા ફળીયામાં રોડની સાઈડમાં અનિલની મો.સા પડેલી જોઈ અંકિત ત્યા ઉભો રહેતા તે વખતે અનિલ અને જિગ્નેશ બંને જણા રોડની સાઈડમાં ચોકડામાં પડેલા હતા અને આ બંન્ને અનિલ અને જિગ્નેશને ગંભીર ઈજાઓ થયેલી હતી તેથી અંકિતભાઈએ તેમને ફોન કરી જણાવેલ કે જિગ્નેશને વાગેલ છે તમે અહી આવો પછી તેઓ તથા તેમની પત્ની લલીતાબેન બનાવવાળી જગ્યાએ ગયેલા ત્યારે ત્યા પડેલા મો.સા નો નંબર જોયેલો નહી પછી તેઓ પ્રાઈવેટ ગાડીમાં જીગ્નેશને દાહોદ પ્રાઈવેટ ભરપોડા દવાખાને લઈ ગયેલા ત્યા ડોકટર હાજર ના મળી આવતા કે.કે.સર્જીકલ હોસ્પિટલમાં લઈ ગયેલા અને ત્યા ડોકટરે તપાસ કરતા મરણ જાહેર કરેલ અને અનિલને પણ સારવાર માટે લઈ ગયેલા પણ કયા દવાખાને લઈ ગયેલ તે તેમને ખબર ન હોવાનું જણાવેલ છે.

જયારે બચાવપક્ષે સદર સાહેદની ઉલટ–તપાસ કરતા, તેઓએ એ હકીકતોનો સ્વીકારેલ છે કે, આંબાકાચથી ગાંગરડી તરફ જતો રસ્તો એ વળાંકવાળો અને ઢાળવાળો છે, બનાવવાળા રસ્તા ઉપર રાત્રી તેમજ દિવસ દરમ્યાન નાના મોટા વાહનોની અવર જવર થતી રહે છે,બનાવ સમયે અંધારું હતું,બનાવ બન્યા બાદ ફોનથી જાણ થતા પછી તેઓ બનાવવાળી જગ્યાએ ગયેલા, બનાવ સમયે તેઓ એમના ઘરે હતા. આ સિવાય

બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ બચાવનો ઈન્કાર કરવામાં આવેલ છે.

**ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદનો પુરાવો :–**

(૯.૩) આ કામે ફરીયાદપક્ષે **આંક–૨૧** વાળા પંચનામાને પુરવાર કરવા માટે **આંક–૨૦** થી ઈશ્વરભાઈ બાલુભાઈ મોહનીયાનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ પંચ સાહેદનો પુરાવો સાથે વંચાણે લેતા, તેઓએ એક તૈયાર પંચનામામાં સહી કરી આપેલ હોવાની હકીકત જણાય છે.

સદર પંચ સાહેદ ફરિયાદપક્ષના પંચનામાની હકીકતને સમર્થન કરતા ના હોય, વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓન ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરી, તેઓ ધ્વારા વિગતવારની ઉલટ–તપાસ કરવા છતા, પંચનામાની હકીકતને સમર્થન મળે તેવો પુરાવો રેકર્ડ થયેલ નથી. તેમજ આરોપી તર્ફેની ઉલટતપાસમાં પણ તેઓ પંચનામા બાબતે તેઓને કોઈ જાતમાહીતી નહી હોવાનું જણાવેલ છે.

**તપાસ કરનાર અમલદારનો પુરાવો :–**

(૯.૪) આ કામે ફરિયાદ પક્ષ તર્ફે પોતાના કેસના સમર્થનમાં **આંક–૨૫** થી ત.ક.અ અનિલસિંહ દરબારસિંહ સોલંકીનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, સને ૨૦૨૩ ની સાલમાં તેઓ ધાનપુર પો.સ્ટે. સે.પો.સ.ઈ તરીકે તેમની ફરજ પર હાજર હતા તે દરમ્યાન ધાનપુર પો.સ્ટે.ગુ.ર.નં. ૦૧૩૭/૨૦૨૩, ઈ.પી.કો. કલમ–૩૩૭, ૨૭૯, ૩૦૪(અ), તથા એમ.વી.એકટ કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો દાખલ કરી તપાસ તેમને સોપતા તેઓએ ગુનાવાળી જગ્યાએ તપાસ કરી ગુનાવાળી જગ્યાનું પંચનામું પંચોના લખાવ્યા મુજબ લખી પંચોની સહી લઈ લાગતા વળગતા સાહેદોના લખાવ્યા મુજબના નિવેદન નોંધેલા તેમજ મરણ જનાર જીગ્નેશભાઈ રમેશભાઈ મોહનીયાનાઓની પી.એમ નોટ મેળવેલી. ત્યારબાદ અકસ્માત કરનાર મો.સા ની તપાસ કરતા તે મો.સા જી.જે.૨૦. એ.આર. ૬૯૨૭ જે કેવનભાઈ બાબુભાઈ ભુરીયાના નામની હોવાનું તેમની તપાસમાં ખુલેલુ તેમજ આ કામના આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા નામ. કોર્ટમાં ચાર્જસીટ કરેલ હોવાનું જણાવેલ છે.

જયારે બચાવપક્ષે સદર સાહેદની ઉલટ–તપાસ કરતા, તેઓએ એ હકીકતોનો સ્વીકારેલ છે કે, ગુનાવાળી જગ્યાવાળો રસ્તો વાકોચુકો અને ઢાળવાળો છે, કહેવાતો બનાવ રાત્રી દરમ્યાન બનેલો તેવુ તેમની તપાસમાં ખુલવા પામેલ, તેઓ એ વાત ના કહી શકે કે બાઈક કોણ ચલાવતું હતું, બાઈક આરોપીની માલીકીની ન હતી. આ સિવાય બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ બચાવનો ઈન્કાર કરેલ છે.

(૧૦) આ કામે ફરીયાદપક્ષ દવારા આરોપી સામે ઈ.પી.કો કલમ ૨૭૯, ૩૩૭, ૩૦૪(અ) તથા એમ.વી.એકટ ૧૭૭, ૧૮૪, ૧૮૧(૩) મુજબનો ગુનો પુરવાર કરવાનો રહે છે. ફરીયાદપક્ષનાં કેસ મુજબ તા.૦૫/૦૪/૨૦૨૩ ના કલાક ૦૨/૦૦ વાગે મોજે આબાકાચ ગામે આ કામના આરોપીએ પોતાના કબજાની યામાહા એમ.ટી ૧૫ મો.સા નં. જી.જે. ૨૦ એ.આર ૬૯૨૭ ની પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લઈ પોતાની મો.સા નો કાબુ ગુમાવી સ્લીપ ખવડાવી પાછળ બેઠેલ જીગ્નેશભાઈ રમેશભાઈ મોહનીયાને શરીરે તથા માથાના ભાગે ગંભીર ઈજા પહોંચાડી મોત નિપજાવી તથા પોતાને પણ શરીરે ઈજાઓ પહોચાડી ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે.

હાલના કામે તપાસવામા આવેલ ફરીયાદપક્ષના સાહેદોનો ઉપરોકત મૌખિક પુરાવો વંચાણે લેતા અત્રેની અદાલતે એટલુ જ જોવાનું જરુરી બની રહે છે કે, આ કામનાં આરોપી મનુષ્યની જીંદગી જોખમાય તે રીતે પુરઝડપે, બેફીકરાઈથી અને ગફલતભરી રીતે વાહન ચલાવી અકસ્માત નીપજાવેલ છે કે કેમ ? જે હકીકત પુરાવા આધારે પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર છે. આ કામે ફરીયાદપક્ષ તરફથી ઉપર મુજબનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ રાખેલો છે. કાયદાકીય જોગવાઈ મુજબ પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર સામાન્ય રીતે હોય છે અને ફરીયાદપક્ષે શંકા રહીત ગુનો સાબીત કરવાનો હોય છે. બચાવપક્ષે પોતાની નિર્દોષતા સાબીત કરવાની રહેતી નથી. પુરાવાનો બોજો કયારેય તહોમતદાર તરફ હોતો નથી.

**પુરાવાનું મુલ્યાંકન:–**

(૧૧) આ કામે રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાને એકી સાથે વંચાણે લેતા, આંક– ૧૭ થી ફરીયાદી અંકિતભાઈ સમસુભાઈ મુહણીયા નો પુરાવો ધ્યાને લેતા, બનાવવાળા

દિવસે આ કામનાં આરોપી અનિલભાઈ રમેશભાઈ ભુરીયાએ ફરીયાદીના કાકાના છોકરા જિગ્નેશને તેમના ઘરે મુકવા માટે જીદ કરી જિગ્નેશભાઈને તેમની મોટરસાઈકલ પર બેસાડી ભે પાટીયા મુકવા લઈ જતા હતા તેમજ તે વખતે અનિલભાઈ નશાની હાલતમાં હતા તેમજ તે વખતે ફરીયાદી તેમની મો.સા લઈ તેમની પાછળ જતા હતા તે વખતે ફરીયાદીએ તેમના ગામમા ભુરીયા ફળીયા આગળ જતા અનિલભાઈની મોટર સાઈકલ ખાડામાં પડેલી જોતા જિગ્નેશભાઈને માથાના ભાગે વધારે વાગેલુ હતુ અને અનિભાઈને સામાન્ય ઈજા થયેલી હતી ત્યારબાદ જિગ્નેશને દાહોદ દવાખાને લઈ ગયેલા અને ત્યાં ડોકટરે તેમને મરણ જાહેર કરેલા. જેથી ત્યારબાદ તેઓએ બનાવ બાબતે તેમણે ફરીયાદ આપેલી હોવાનું જણાવેલ છે. પરંતુ આ કામના ફરીયાદીની ઉલટતપાસ જોતાં તેમણે તેમાં એવુ સ્વીકારેલ છે કે બનાવ સમયે અંધારુ હતુ અને જીગ્નેશભાઈની ગાડી આગળ ચાલતી હતી અને તેઓ પાછળથી જતા હતા તેમજ તેઓએ આ લોકોને ખાલી પડેલા જ જોયેલા અને કેવી રીતે બનાવ બન્યો તેની તેમને કોઈ જાત માહીતી ન હોવાનું જણાવેલ છે તેમજ આરોપી અનિલભાઈ નશાની હાલતમાં હતા અને જીગ્નેશને મુકવા માટે લઈ જવા માટે જીદ કરતા હતા અને જબરજસ્તી કરી જિગ્નેશભાઈએ તેમની મોટર સાયકલ ઉપર બેસાડી ભે પાટીયા મુકવા લઈ જતા હતા તેવી કોઈ હકીકતે તેઓએ તેમની ફરીયાદમાં લખાવેલ નહી હોવાનો સ્વીકાર કરેલ છે. આમ ફરીયાદીનો પુરાવો ધ્યાને લેતા તેઓએ બનાવ બનતા નજરે જોયેલ નથી, તેઓ બનાવ બની ગયા બાદ ત્યાં પહોંચેલ છે જેથી બનાવ કેવી રીતે બન્યો તેની તેમને કોઈ જાત માહીતી નથી જેથી યોગ્ય પુરાવા વિનાં માત્ર ફરીયાદીનાં તર્કના આધારે આરોપીને દોષિત માની શકાય નહી.

વધુમાં સદર કામે આંક–૨૦ થી પંચસાહેદ ઈશ્વરભાઈ બાલુભાઈ મોહનીયાનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, પરંતુ સદર પંચસાહેદ પંચનામાની હકીકતને સમર્થન આપતાં ના હોય વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને ફરીગયેલા જાહેર કરવામાં આવેલ છે અને તેમની ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષને સમર્થન કરતો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી જેથી આંક–૨૧ વાળું ગુનાવાળી જગ્યાનું પંચનામું પુરવાર થયેલું માની શકાય નહી.

વધુમાં સદર કામે આંક–૨૩ થી સાહેદ સમસુભાઈ છગનભાઈ મોહનીયાનાઓનો પુરાવો

ધ્યાને લેતાં તેમને આ કામનાં ફરીયાદી અંકીતભાઈને ફોનથી બનાવની જાણ કરેલ હોવાનું અને તે પછી તેઓ બનાવ વાળી જગ્યાએ ગયેલ હોવાનું જણાવેલ છે તેમજ આરોપી તર્ફેની ઉલટતપાસ દરમ્યાન પણ તેઓએ બનાવ સમયે તેઓ તેમનાં ઘરે હોવાનું જણાવેલ છે. જેથી તેઓનાં પુરાવાનાં આધારે પણ આ કામનાં આરોપીની બેદરકારીથી અકસ્માતનો બનાવ બનેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી.

વધુમાં સદર કામે આંક–૨૫ થી તપાસ કરનાર અમલદાર અનીલસિંહ દરબારસિંહ સોલંકીનાંઓને તપાસવામાં આવેલ છે અને તેઓએ તેમનાં પુરાવા દરમ્યાન તેઓને સદર ગુનાની તપાસ મળતા તેઓએ તેમનાં ફરજનાં ભાગરૂપે જે કાર્યવાહી કરેલ છે તે મુજબની હકીકતો જણાવેલ છે. વધુમાં તેઓએ તેમની ઉલટતપાસમાં બનાવ અંધારામાં બનેલ હોવાનું અને બાઈક કોણ ચલાવતુ હતુ તે તેઓ કહી ન શકે તેવી હકીકત જણાવેલ છે. જેથી સદર બનાવ અંગે અન્ય સાહેદોનાં પુરાવાથી આરોપી વિરુધ્ધ કોઈ પુરાવાો જણાતો ન હોય ત્યારે એકમાત્ર તપાસ કરનાર અધિકારીનાં પુરાવા ઉપરથી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.

**(૧૨)** આમ સદર કામે રેકર્ડ ઉપર આવેલ ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતા આ કામનાં આરોપીએ બનાવનાં દિવસે તેઓની કબજા ભોગવટાની મોટર સાયકલ પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી પોતાની મો.સા. નો કાબુ ગુમાવી સ્લીપ ખવડાવેલ હોય અને આરોપીનાં તે કૃત્યનાં કારણે પાછળ બેઠેલ જીગ્નેશભાઈ રમેશભાઈ મોહનીયાને શરીરે અને માથાનાં ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નીપજાવેલ હોય તેવી હકીકત ફરીયાદપક્ષ નિશંકપણે પુરવાર કરી શકેલ ન હોય સાથોસાથ આરોપી વિરુધ્ધ મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૮૧(૩) મુજબનો ગુનો પણ પુરવાર કરી શકેલ ન હોય તેથી મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. ૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

(૧) આ કામના આરોપી અનીલભાઈ રમેશભાઈ ભુરીયા રહે. ભે વેડ ફળીયુ, તા. ગરબાડા, જી.દાહોદનાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની

કલમ–૨૭૮ અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૦૪(અ) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૮૧(૩) મુજબના ગુનાના કામે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીના જામીનખત આથી રદ કરવામાં આવે છે.

(૩) આ કામના આરોપીઓએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૪૮૧ અન્વયે રૂ. ૫,૦૦૦/– ના અપીલ સમય સુધીના જામીન આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ : ૦૧ લી, માહે : ઓગષ્ટ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૧/૦૮/૨૦૨૬
ધાનપુર

(રોહન રાજેન્દ્રકુમાર સુતરીયા)
જયુડી.મેજી.ફ.ક., ધાનપુર.
કોડ નં.જી.જે.૦૧૪૫૭